**નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨**

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે આઉટસોર્સની ૦૬ જગ્યાઓ માટેની વહીવટી મંજુરી

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૧૫/બ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૪/૨૦૨૧

**//આમુખ//**

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત ૧૬ ડેસ્ક ઓપરેટર (કોલ સેન્ટર એક્ઝીક્યુટીવ) લેવામાં આવેલ છે. જે તમામ જિલ્લાઓના પ્રોગ્રામ અધિકારીશ્રી, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર/તેડાગર અને આઇ.સી.ડી.એસ. ના લાભાર્થીઓ સાથે સમયાંતરે સંવાદ કરે છે. તેમના દ્વારા વિવિધ યોજનાઓનું સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. જેની સીધી અસર યોજનાઓના અમલીકરણમાં થાય છે. સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે રાજ્ય કક્ષાએ આઇ.ટી આધારીત ટેક્નીકલ એક્સપર્ટ/માનવબળ સેલ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ની બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**//ઠરાવ//**

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે નીચે દર્શાવેલ જગ્યાઓની સેવા ૧૧-માસના ધોરણે આઉટસોર્સથી મેળવવા ૧૦૦% રાજ્ય સરકારના બર્ડન હેઠળ રૂ.૨૧.૪૫ લાખની બજેટ જોગવાઈમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|
| ૧ | સીનિયર ડેવલોપર (નેટ ટેક્નોલોજી) | ૧ | રૂ.૫૦,૦૦૦/- |
| ૨ | ડેવલોપર | ૧ | રૂ.૩૫,૦૦૦/- |
| ૩ | મોબાઇલ એપ ડેવલોપર | ૧ | રૂ.૨૦,૦૦૦/- |
| ૪ | સપોર્ટ એન્જીનિયર | ૧ | રૂ.૧૫,૦૦૦/- |
| ૫ | એ.આઇ./બીગ ડેટા એક્સપર્ટ | ૧ | રૂ.૫૦,૦૦૦/- |
| ૬ | ડોક્યુમેન્ટેશન ઓફીસર/કન્ટેન્ટ રાઇટર | ૧ | રૂ.૨૫,૦૦૦/- |

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) ઉક્ત તમામ જગ્યાઓ ૧૧ માસ માટે આઉટસોર્સિંગના ધોરણે માન્ય એજન્સી મારફત ભરવાની રહેશે. તેમજ આ જગ્યાઓ ઉપરના કર્મચારીઓને દર વર્ષે કોઇપણ જાતનો વાર્ષિક વધારો (ઇન્ક્રીમેન્ટ) આપવાનો રહેશે નહીં.

(૮) GILના તા.૨૯/૯/૨૦૨૦ના પરિપત્ર મુજબ GST તેમજ સર્વિસ ચાર્જ અલગથી ચૂકવવાના રહેશે.

(૯) આ યોજનાનો અમલ તા. ૦૧/૦૪/૨૦૨૧ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬- આયોજન |
| મુખ્ય સદર | : | ૨૨૩૬- પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨- પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર | : | ૮૦૦- અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૧૮-આઇ.ટી અને બાયોમેટ્રીક ઇન્સ્ટ્રુમેન્ટ/મશીનરી |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫/૦૩/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............
(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............
(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)
(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........
(૧૬) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........
(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
(૧૮) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૨૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
(૨૧) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ
(૨૨) સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ - વેબસાઇટ ઉપર મુકવા સારૂ
(૨૩) સિલેક્ટ ફાઇલ